કલોલ ના ના.શ્રી અધિક સીનીયર સીવીલ જજ ની કોર્ટ, જી.ગાંધીનગર.

રેગ્યુલર દિવાની મુકદમા નંબર–૧૯૮/૨૦૨૫

–:આંક–૫ નીચે હુકમ:–
વાદી તરફે વિ.વ.શ્રી એમ.સી.બ્રહ્મભટ
પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી એ.વી.પ્રજાપતિ

(૧) વાદી હાલનો આ દાવો ડેકલેરેશન તથા વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે થયેલ તા.૧૦/૦૨/૨૦૨૦ ના સંમતિપત્ર તથા ઓથોરિટી પત્ર રદબાતલ જાહેર કરવા અને કાયમી તાકીદ મેળવવા લાવેલ છે. જે અનુસંધાને વાદી ધ્વારા કામચલાઉ મનાઈ હુકમ મેળવવા હાલની આ અરજી લાવવામાં આવેલ છે. વાદી ધ્વારા મુખ્યત્વે હાલની આ અરજી લાવી અરજ કરેલ છે કે, આ કામે વાદી તથા સામાવાળા નં.૧ થી ૪ નાઓએ ભેગા મળી તા.૨૪/૦૫/૨૦૧૨ ના રોજ તિરૂપતિ ડેવલોપર્સના નામથી ભાગીદારી પેઢી બનાવેલી અને જે અંગેનો ભાગીદારી કરાર(લેખ) કરવામાં આવેલ અને આ ભાગીદારોએ મોજે કલોલના સરવે નં.૫૨૮/૩, ટી.પી. સ્કીમ નં.૧, ફાઈનલ પ્લોટ નં.૧૩૫, સિટી સરવે નં. ૧૩૪૧, શીટ નં.૩૭, ક્ષેત્રફળ ૦–૩૨–૫૫ ચો.મી. (૩૮૯૨.૯૮ ચોરસ વાર) જે મોજે કલોલ, તા. કલોલ, જી. ગાંધીનગરની તા.૨૪/૦૫/૨૦૧૨ના રોજ રજી. દસ્તાવેજ નં. ૩૩૬૬ થી ખેતીની જમીન ખરીદ કરેલ અને જે જમીનમાં તેઓની ભાગીદારી પેઢી ધ્વારા રહેણાંક તેમજ વાણીજ્ય હેતુ માટે ડેવલોપમેન્ટ કરી અને વેચાણ કરવા માટે ભાગીદાર પેઢીએ કાર્ય કરવાનું હતું. આ સદર પેઢીમાં વાદી ૧૫ ટકા પ્રમાણે પ્રતિવાદી નં.૨ ના ૫૦ ટકા પ્રમાણે તથા પ્રતિવાદી નં.૩ ના ૩૦ ટકા

પ્રમાણે તથા પ્રતિવાદી નં.૪ ના ૫ ટકા પ્રમાણે નફા–નુકસાનના ભાગીદાર છે.

(૨) આ કામે તમામ ભાગીદારો વચ્ચે સંમતિથી સદરહું જમીન ખેતીની હોઈ વાદી ખેડૂત ન હોઈ તિરૂપતિ ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ભાગીદાર પ્રતિવાદી નં .૧ અને ૨ ના સગા ભાઈઓ તથા પ્રતિવાદી નં.૩ ના તથા ૪ ના પતિ પટેલ ભીખાભાઈ ડાહ્યાભાઈના નામે વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ. ત્યારબાદ સદરહું જમીન તા.૦૭/૦૮/૨૦૧૫ ના રોજ બિનખેતીની થતા તમામ ભાગીદારોની સંમતિથી ખરીદેલ જમીનનો પ્રતિવાદી નં.૫ તિરૂપતિ એમ્પાયર એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર તરીકે તા.૧ ૦/૦૫/૨૦૧૮ ના રોજ રજી. દસ્તાવેજ નંબર ૫૦૭૫ નો કરવામાં આવેલ, ત્યારબાદ કલેકટરશ્રી, ગાંધીનગર ધ્વારા સદર કરાયેલ દસ્તાવેજ વાળી જમીન બિનખેતીમાં રૂપાતંરીત કરતાં વાદી તથા પ્રતિવાદી નં.૨, ૩, ૪ નાએ ભાગીદારી પેઢીનું નામ તિરૂપતિ ડેવલોપર્સના બદલે તિરૂપતિ એમ્પાયર એન્ટરપ્રાઈઝ રાખેલ અને તે રીતે તા.૧૩/૦૮/૨૦૧૮ના રોજ અગાઉની તિરૂપતિ ડેવલોપર્સની શરતો યથાવત રાખી નવો ભાગીદારી કરાર કરેલ, જેમાં પ્રતિવાદી નં.૧ ને ભાગીદાર તરીકે દાખલ કરેલ, જે મુજબ વાદીના ૧૫ ટકા પ્રતિવાદી નં.૧ ના ૨૫ ટકા તથા પ્રતિવાદી નં.૨ ના ૨૫ ટકા, પ્રતિવાદી નં.૩ ના ૩૦ ટકા અને પ્રતિવાદી નં.૪ ના ૫ ટકા પ્રમાણે નફા–નુકસાનનો હિસ્સો રહેલ હોવાની હકીકત જણાવે છે. તેમજ વાદી હાલની આ અરજીમાં વિશેષ હકીકત જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ થી ૩ ના નામનો એક ડીડ તા.૦૨/૦૫/૨૦૧૮ના રોજ ભાગીદારી પેઢીની કોઈ પણ મિલકત કોઈ પણ રીતે તબદીલ કરવા બાનાખત કરવા વેચાણ કરવા અંગેના કોઈ

પણ સત્તાકીય અધિકાર આપવામાં આવેલ ન હતા, જે હકીકત તા.૧૩/૦૮/૨૦૧૮ ના તિરૂપતિ એમ્પાયર એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીના ભાગીદારી લેખમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે. આમ છતાં, પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ તા.૦૨/૦૫/૨૦૧૮ ના ડીડનો દુરુપયોગ કરી અન્ય ભાગીદારોની સંમતિ સિવાય ભાગીદારો સાથે છેતરપીંડી કરી આ ડીડ આધારિત તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ સંમતિ પત્ર સબરજિસ્ટ્રારની કચેરીમાં રજૂ કરી અને ગેરકાયદેસર રીતે ભાગીદારી પેઢીની મિલકતોના બનાખત/વેચાણ દસ્તાવેજ કરતાં હોવાનું વાદીના ધ્યાનમાં આવેલ અને જેથી વાદીએ જે તે સમયે કોમર્શીયલ સિવિલ દાવો દાખલ કરેલ અને ત્યારબાદ વાદીએ તથા પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ નામ. ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરેલી અને ફોજદારી ફરિયાદ વાદી ધ્વારા પ્રતિવાદી વિરૂધ્ધ કરવામાં આવેલી. ત્યારબાદ વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે લેખિત સમાધાન થતાં મિલકતની વહેંચણીનો કરાર તા.૧૭/૦૪/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ અને તેથી ભાગીદારોની ટકાવારી પ્રમાણે દુકાનોની વહેંચણી કરી દેવામાં આવેલ અને ભાગીદારી પેઢીની બાકી રહેતી દુકાનો રિઝર્વ રાખવામાં આવેલી. સદરહું દુકાનો પ્રતિવાદીઓ દાવાના આખરી નિકાલ સુધી વેચાણ કરે-કરાવે નહીં તેવો કાયમી મનાઈ હુકમ મેળવવા હાલની આ અરજી લાવવા કારણો ઉપસ્થિત થયેલ હોવાની હકીકત જણાવે છે. આ કામના વાદીએ દાદ માંગેલ છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૩ નાએ એકબીજાના મેળાણીપણામાં તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ વાદી તથા પ્રતિવાદી નં.૪ નાની જાણ કે સંમતિ સિવાય છેતરપીંડીપૂર્વક ઉભા કરેલ સંમતિપત્ર/ઓથોરિટી લેટર આધારે પ્રતિવાદીઓ પેઢીની વાદી - પ્રતિવાદીઓની સંયુકત માલિકીની રિઝર્વ રાખેલી મિલકતો વેચાણ કરવા

કે બાનાખત કરવા પ્રતિવાદી નં.૧ થી ૩ નાને કોઈ હકક કે અધિકાર નથી તેમજ પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ છેતરપીંડીથી તા.૧૦/૦૨/૨૦૨૦ ના સંમતિપત્ર/ઓથોરિટી લેટર ગુનાહિત માનસથી ઉભું કરવાનું કરેલ કૃત્ય ગેરકાયદેસરનું છે અને આવા એકબીજાના મેળાપીપણામાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ જે તા.૧૦/૦૨/૨૦૨૦ ના સંમતિપત્ર/ઓથોરિટી લેટરનો ગેરકાયદેસર રીતે ઉપયોગ કરી પ્રતિવાદીઓ પેઢીની દાવાવાળી મિલકતો પ્રતિવાદી નં.૧ થી ૩ ના કે તેમના નોકર ચાકર એજન્ટો કોઈને કોઈ પણ રીતે તબદીલ કરે–કરાવે નહીં તેવો દાવાના આખરી નિકાલ સુધી પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ વિરૂધ્ધ એકતરફી મનાઈ હુકમ ફરમાવવા અને મનાઈ અરજનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા વાદીએ વિનંતી કરેલ છે.

(૩) પ્રતિવાદી તરફે સદર કામે દાવાનો સમન્સ બજતા હાજર થઈ જવાબ માટે આંક–૧૦ થી મુદત આપવા માંગણી કરતાં વાદી તરફે વિ.વ.શ્રી ધ્વારા આંક–૧૨ થી અરજી આપી હાલની આ અરજીની સુનાવણી સુધી મનાઈ હુકમ આપવા અરજી આપતાં રેકર્ડ ધ્યાને લઈ રિઝર્વ રાખેલી દુકાનો પ્રતિવાદીઓએ યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ પ્રતિવાદી તરફે સદર કામે આંક–૧૪ થી દાવાનો તથા હાલની આ અરજીનો સંયુકત જવાબ રજૂ રખાયેલ હોય, જેમાં મુખ્યત્વે વાદીનો પ્રથમ દર્શનીય કેસ રહેલ ન હોય અને વાદીની તરફેણમાં સગવડતા–સંતુલનની ધરા રહેલ ન હોય અને રિઝર્વ રાખેલી ભાગીદારી પેઢીની દુકાનો ભાગીદારી પેઢીના ખર્ચ–મેઈટેનન્સ, કર્મચારીના પગાર અર્થે રાખેલ હોય અને જો આ પરિસ્થિતિ યથાવત રાખવામાં આવે તો પ્રતિવાદીને નાણાંમાં ન ચુકવી શકાય તેવું નુકસાન થવાની વકી રહેલ હોય અને વાદીની ભાગીદારી પેઢીની

મિલકતમાં ૧૫ ટકા શેર રહેલ હોય, ત્યારે ભાગીદારી પેઢીની રહેલ તમામ મિલકતોનો હિસ્સો જો સીઝ કરી દેવામાં આવે તો પ્રતિવાદીઓને મુશ્કેલીમાં મુકાવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ હોય હાલની આ અરજી નામંજૂર કરવા રજૂઆત કરાયેલ છે.

(૪) ઉપરોકત તમામ હકીકતે વાદી તરફે વિ.વ.શ્રી એમ. સી. બ્રહમભટ ધ્વારા ભારપૂર્વક મૌખિક દલીલોમાં દાવાની વિગતો મુજબ દલીલ કરાયેલ છે અને ઓથોરિટી લેટર આધારિત પ્રતિવાદીઓએ ભૂતકાળમાં ગેરરીતિ આચરેલ હોઈ અને વાદીએ જેથી કોમર્શીયલ સ્યુટ તથા નામ. ગુજરાત હાઈકોર્ટમાં અપીલો તથા ફોજદારી ફરિયાદ સુધીની કાર્યવાહીઓ કરવી પડેલ હોય અને જે સંબંધેના દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ હોય જે ધ્યાને લઈ હાલની આ અરજી મંજૂર કરવા અરજ કરેલ છે. વાદી ધ્વારા તે હકીકત સ્વીકારેલ છે કે, તા.૧૭/૦૪/૨૦૨૨ ના રોજ વાદી અને તમામ ભાગીદારોના કન્સલ્ટથી વાદવાળી ભાગીદારી પેઢીના મિલકત અંગેનું સમાધાન થયેલ હોય અને તે મુજબ ભાગીદારી પેઢીની મિલકતની વહેંચણી થયેલ હોય હાલના આ દાવામાં રિઝર્વ રખાયેલ દુકાનો સમાધાન મુજબ બાકી રહેલ હોય અને જો ફરીથી પ્રતિવાદીઓ અગાઉ મુજબ ભાગીદારી પેઢીની મિલકતમાં વાદીની જાણ બહાર વેચાણ કરી આપે તો વાદીને મલ્ટીપલ્સીટી પ્રોસિડિંગ્સમાં ઉતરવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થાય, જેથી હાલની આ અરજી મંજૂર કરવા ભારપૂર્વક રજૂઆતો કરેલ છે અને વાદી તરફે વિ.વ.શ્રી ધ્વારા કોન્ટ્રાકટ એકટની કલમ–૧૮૨ મુજબ એજન્ટની ડેફીનેશન આધારિત દલીલો કરી રજૂ રખાયેલ તમામ દસ્તાવેજો ધ્યાને લઈ કોન્ટ્રાકટ એકટની કલમ–૬૨ મુજબ નવો કરાર કરતાં જુના કરારનું અસ્તિત્વ રહેતું ન હોઈ

અને નિ.૩/૩ ના ભાગીદારી લેખમાં તમામ ભાગીદારોની સહીઓ રહેલ હોય અને તા.૧૦/૦૨/૨૦૨૦ ના વાદગ્રસ્ત સંમતિપત્રક વાદીની જાણકારીમાં હતું તેવું કોઈ ડોકયુમેન્ટ પ્રતિવાદીએ રજૂ રાખેલ ન હોઈ ત્યારે પ્રતિવાદી તરફે તેમના જવાબમાં લેવાયેલ તકરારો ઘ્યાને ન લઈ વાદીને દાવાનું કારણ ઉપસ્થિત થતા હાલનો આ દાવો તથા અરજી લાવવા ફરજ પડેલ હોઈ તેવી રજૂઆતો સાથે ભારપૂર્વક અરજી મંજૂર કરવા રજૂઆત કરાયેલ છે.

(૫) પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એ. વી. પ્રજાપતિ ઘ્વારા મુખ્યત્વે એવી તકરાર લીઘેલ છે કે, વાદી ફકત નફા અને નુકસાનના જ ભાગીદાર રહેલ હોય અને પેઢીના ફાઉન્ડેશનના વેચાણ દસ્તાવેજમાં વાદી રહેલ ન હોઈ ત્યારે વાદી ઘ્વારા કરાયેલ રજૂઆતો અને વાદીનો દાવાનું સ્વરૂપ જોતાં, વાદી જે સ્વરૂપે દાવો લાવ્યા છે, તેથી વિરૂઘ્ઘની રજૂઆતો હાલની આ અરજી અન્વયે કરી રહેલ હોય વાદી હાલનો આ દાવો સંમતિપત્ર રદબાતલ જાહેર કરવા લાવેલા હોય, વાદી ઘ્વારા જ સંમતિપત્રક આધારિત ભાગીદારી પેઢીની મિલકતોના વેચાણ દસ્તાવેજો કરાવી લેવાયા છે. તેમજ અન્ય થયેલ દસ્તાવેજોમાં વાદીની સાક્ષી તરીકે સહીઓ રહેલ છે અને વાદીનો ફકત ૧૫ ટકા હિસ્સો રહેલ હોય તે ચુકવવા તમામ ભાગીદાર બંધાયેલા હોય ત્યારે વાદીની હાલની આ અરજી જો મંજૂર કરી ભાગીદારી પેઢીની તમામ મિલકતો સ્થગિત કરી દેવામાં આવે તો વાદીના ફકત ૧૫ ટકા હિસ્સા આધારે બીજા ભાગીદારોને તથા પેઢીના ખર્ચ–મેઈટેનન્સ અને એમ્પ્લોયની સેલેરી જેવા અનેક પ્રશ્નોનો સામનો પ્રતિવાદીઓને કરવો પડે અને વાદીનો હાલનો આ દાવો ભાગીદારી પેઢીના નફા–નુકસાનમાં ભાગ કે ભાગીદારી પેઢીના હિસાબો રજૂ કરવા અર્થે રહેલ નથી, ત્યારે વાદીની હાલની આ અરજી

પ્રતિવાદીઓને અટકાવી રાખવા અને ખોટા કારણો ઉભા કરી હાલનો આ દાવો લાવેલ હોય, જે રદ કરવા અરજ કરેલ છે. પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી ધ્વારા વાદી જયારે સંમતિપત્ર રદ કરવા દાવો લાવેલા હોય અને તે સંમતિપત્ર આધારિત વાદીએ ભાગીદારી પેઢીની મિલકતોનો વેચાણ દસ્તાવેજ સમાધાન કરાર મુજબ સ્વીકારેલ હોય ત્યારે તેનાથી વિરૂધ્ધની હકીકતો દાવામાં રજૂ રાખી દાદ માંગેલ હોય જો વાદીના દાવાની મુખ્ય દાદ મુજબ સંમતિપત્રક રદ બાતલ જાહેર કરવામાં આવે તો વાદી ધ્વારા ભાગીદારી પેઢીની વાદીની તરફેણમાં થયેલા વેચાણ દસ્તાવેજો તથા અન્ય ભાગીદારોના ભાગે આવેલી મિલકતના વેચાણ દસ્તાવેજો પણ રદબાતલ ઠરે ત્યારે વાદીના પ્લીડીંગ્સને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૫ નો બાધ નડતો હોઈ અને વાદીના દાવાના મુખ્ય દાદ જ વાદીને મળવાપાત્ર ન હોય ત્યારે હાલની આ અરજીમાં માંગવામાં આવેલ દાદ મંજૂર કરી શકાય તેમ ન હોય, તેવી રજૂઆત સાથે પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી ધ્વારા નામ. સર્વોચ્ચ અદાલતના (૨૦૧૨) ૧૨ સુપ્રીમ કોર્ટ કેસીસ ૧૩૩ માં પ્રસિધ્ધ થયેલ ચુકાદા પર આધાર રાખી હાલની આ અરજી નામંજૂર કરવા અરજ કરાયેલ છે.

(૬)... આ અરજીના ન્યાયિક નિકાલ અને નિર્ણય માટે નીચેના મુદ્દાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમની તરફેણમાં છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે,તેમને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થાય તેવુ નુકસાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૭)... ઉપરોકત મુદ્દાઓ અંગેના આ અદાલતના નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

-:કા ર ણો:-

(૮) દિવાની કાર્યરીતીમાં સર્વ માન્ય સિધ્ધાંત છે કે કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદમેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રુબરુ ચોખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે.પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી વાદી આપો આપ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરં તુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે, સગવડતાની તુલા વાદી ની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકસાન જાય તેમ છે. આ ઉપરાંત

કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલે અને લેચીસની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે.વધુમાં કોર્ટે કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નકકી કરતી વખતે એ હકીકત પણ ધ્યાને લેવાની રહે છે કે કામ ચલાઉ મનાઈ હુકમની દાદ નો મુખ્ય ઉદ્દેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે, એટલે કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરુપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય, જયારે પક્ષકારો પોત પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપીત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય,તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈ હુકમની અરજી નકકી કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, પ્ર તિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબજ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સં જોગોને ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે.

મુદા નં.૧ થી ૩

(૯) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ બંને પક્ષે કરાયેલ રજુઆત તથા કેસનું રેકર્ડ ધ્યાને લઈ સદરહું અરજીના નિકાલ અર્થે ઉપરોકત રહેલ ત્રણેય મુદાઓની હકીકતો એકબીજા સાથે સંકળાયેલી હોય ત્રણેય મુદાઓની ચર્ચા નીચે એકીસાથે કરેલ છે. વાદી ધ્વારા સદર અરજી અનુસંધાને હાલનો આ દાવો ડેકલેરેશન મેળવવા તથા તા.૧૦/૦૨/૨૦૨૦ ના સંમતિપત્રક/ઓથોરિટી પત્ર

રદબાતલ જાહેર કરવા લાવવામાં આવેલ છે. જે અનુસંધાને વાદી ધ્વારા રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે ભાગીદારી પેઢી રહેલ હોવાનું નિર્વિવાદીત રીતે ફલિત થતું હોય જેમાં વાદીનો ૧૫ ટકા હિસ્સો નફા–નુકસાનમાં રહેલ હોવાનું વાદી તથા પ્રતિવાદી સ્વીકારતા હોઈ અને પક્ષકારો વચ્ચે સદરહું દાવો લાવ્યા પહેલાં કલોલ કોર્ટમાં તથા નામ. ગુજરાત હાઈકોર્ટમાં તથા પોલીસ ફરિયાદ થયેલ હોવાનું ફલિત થતું હોઈ ત્યારે સદર કામમાં વાદી ધ્વારા આં ક–૧૨ થી પ્રતિવાદીનાઓને નોટિસ બજી ગયા બાદ મનાઈ હુકમ આપવા અરજી અપાતા મારા ધ્વારા આંક–૧૨ ની અરજી અંશતઃ મંજૂર રાખી તિરૂપતિ એમ્પાયર એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીની રહેલ રિઝર્વ રાખેલ મિલકતો અં ગે યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા હુકમ કરવામાં આવેલ. જે અનુંસધાને હાલની આ અરજી અન્વયે ઉપરોકત જણાવ્યા મુજબ બંને પક્ષે વિ.વ.શ્રીઓની સવિસ્તાર દલીલો સાંભળ્યા બાદ વાદી તરફે રજૂ થયેલ નિશાની ૩/૫, કે જે પક્ષકારો વચ્ચે થયેલ વિવાદોના નિરાકરણ સ્વરૂપે થયેલ સમાધાન કરાર તા. ૧૭/૦૪/૨૦૨૨ ના રોજ પક્ષકારોની સંમતિથી કરવામાં આવેલ હોય અને તેમાં જણાવ્યા મુજબ હાલના દાવાની વાદગ્રસ્ત મિલકત, જેમાં ગ્રાઉન્ડ ફલોર દુકાન નં .૩૦, ૩૧, ૫૧, ૫૨ તથા ફર્સ્ટ ફલોર દુકાન નં.૧૧૫, ૧૧૬, થર્ડ ફલોર દુકાન નં .૩૩૨ થી ૩૩૫ તેમજ ફોર્થ ફલોટ દુકાન નં.૪૩૨ થી ૪૩૫ બધાં જ ભાગીદારોની સં મતિથી રિઝર્વ રાખેલ હોઈ જે ભાગીદારી પેઢીના દેવા તથા ખર્ચની રકમની ચુકવણી થયા બાદ જે રકમ વધે તે દરેક ભાગીદારોને ટકાવારી પ્રમાણે વેચી લેવાની હોઈ તે મુજબ વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે કરાર તૈયાર કરાયેલ હોય અને તેમાં ભાગીદારોની સંમતિ વગર રિઝર્વ રાખેલી ઉપરોકત દુકાનો વેચાણ કરી શકાશે નહીં, તેવું સ્પષ્ટપણે જણાવેલ હોઈ ત્યારે વાદી જે સ્વરૂપે અને જે નિશાની ૩/૧ સંમતિપત્રક રદ કરવા હાલનો આ દાવો લાવેલ હોય અને તે અનુસંધાને હાલની આ

અરજીમાં જણાવ્યા મુજબ વચગાળાની દાદ માંગતા હોય ત્યારે નિશાની ૩/૫ માં દર્શાવવામાં આવેલ વાદીના ૧૫ ટકા મુજબ વાદીને ફાળે આવેલ ગ્રાઉન્ડ ફલોર દુકાન નં.૩૩, ૩૪, ૩૫, ૪૮ અને ૪૯ તથા ફર્સ્ટ ફલોર દુકાન નં.૧૪૭ થી ૧૫૨ તથા થર્ડ ફલોર દુકાન નં.૩૪૫ થી ૩૫૦ અને ફોર્થ ફલોટ દુકાન નં.૪૪૦ થી ૪૪ ૪ સંબંધે વાદીએ હાલના દાવામાં કોઈ વિવાદ ઉઠાવેલ ન હોય જે અનુસંધાને પ્ર તિવાદી તરફે વિ.વ.શ્રી ધ્વારા રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ધ્યાને લેતાં, નિશાની ૧૫/૧૨ થી રજૂ થયેલ વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતાં, ઉપરોકત વાદીના ફાળે આવેલ ભાગીદારી પેઢીની તેમના હિસ્સા પ્રમાણેની દુકાનોનો વેચાણ દસ્તાવેજ લખી આપનાર તરીકે પ્રતિવાદી નં.૧ તેમજ પ્રતિવાદી નં.૨ ધ્વારા તા.૧૦/૦૫/૨૦૨૨ ના રોજ તિરૂપતિ એમ્પાયર એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો વતી ઓથોરાઈઝડ સિગ્નેચરી દરજ્જે અને વાદી જે સંમતિ પત્રક/ ઓથોરિટી લેટર રદબાતલ ઠરાવવા હાલનો દાવો લાવેલ છે તે આધારે જ વેચાણ દસ્તાવેજો વાદીને તથા અન્ય ભાગીદારોને આ જ સંમતિપત્રક આધારિત થયેલ હોવાનું રેકર્ડ આધારિત ફલિત થતું હોય ત્યારે વધુમાં પ્રતિવાદી તરફે રજૂ થયેલ અન્ય નિશાની ૧૫/૧૩ તથા ૧૫/૧૪ પણ ધ્યાને લીધેલ છે, જેમાં વાદી ધ્વારા સદરહું વેચાણ દસ્તાવેજોમાં સાક્ષી તરીકે વાદીની તથા તેમની પત્નીની સહી રહેલ હોવાનું રેકર્ડ આધારિત ફલિત થતું હોય અને આ તમામ દસ્તાવેજો નિશાની ૩/૧ ના સંમતિ પત્રક આધારે જ થયેલ હોવાનું પ્રથમ દર્શનીય જણાઈ આવતું હોય ત્યારે વાદી આ અરજી અનુસંધાને જે રીતે કામચલાઉ મનાઈ હુકમ માંગવા ભારપૂર્વક દલીલ કરી રહેલ છે, ત્યારે વાદી ધ્વારા જ ભાગીદારી પેઢીની મિલકતોમાં તેમના તથા અન્ય ભાગીદારોના ભાગે આવેલ મિલકતોના વેચાણ દસ્તાવેજો સદરહું સંમતિપત્રક આધારે થયેલ હોઈ ત્યારે વાદીને હાલની અરજી ધ્વારા માંગવામાં આવતી દાદ તે પોતાના ધ્વારા કરાયેલ કૃત્ય અને પોતાના ધ્વારા પરવાનગી

મુજબ લાભ મેળવી લીધા બાદ વિરુધ્ધ ની હકીકતો સાથે સદર અરજીમાં દાદ માં ગતા હોય તેથી શકયતાન આ તબકકે આ દાવાના સ્વરૂપે મંજૂરી આપી શકાય નહીં. જેથી વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ જણાતો ન હોય અને ચાલતા કામે સદર અરજીની સુનાવણી પુર્ણ થયા બાદ પ્રતિવાદી નં.૧ થી ૩ ધ્વારા આંક–૨૨ થી અત્રેના કામમાં પુરસીસ રજૂ રાખી જાહેર કરેલું છે કે, તેઓ તા.૧૭/૦૪/૨૦૨૨ ના સમાધાન તથા ભાગીદારી પેઢીની મિલકતોના પેરા–૨માં દર્શાવેલ રિઝર્વ રાખેલ દુકાનોના વેચાણ બાદ દેવા તથા ખર્ચની રકમ ચુકવાઈ ગયા બાદ જે રકમ વધે તે દરેક ભાગીદારને ટકાવારી મુજબ વેચી દેવાની રહેશે, તે મુજબ પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ અત્રેના કામમાં સદરહું પુરસીસ રજૂ રાખેલ હોય જેમાં વાદી ધ્વારા વાંધો લેવાયેલ હોય અને અગાઉ ભાગીદારી પેઢીની મિલકતો પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ વેચાણ કરી દીધેલ છે તે અંગેના હિસાબો પ્રમાણે રિઝર્વ રખાયેલ દુકાનો સંબંધે કોઈ જ હિસાબ કે નફા અંગે કોઈ કાર્યવાહી પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે કરેલ નથી અને કોર્ટને ગેરમાર્ગે દોરી રહયા છે અને ફરીથી વાદીને મલ્ટી પ્રોસીંડીંગ્સમાં નાંખવાનો પ્રતિવાદીઓનો પ્રયત્ન છે તેવો શેરો મારેલ છે. તે હકીકત આધારિત સદરહું અરજીની હકીકતો ધ્યાને લેતાં, વાદી ધ્વારા હાલનો આ દાવો ભાગીદારી પેઢીના નફા–નુકસાન કે હિસાબ–કિતાબ માટે લાવવામાં આવેલ નથી અને વાદીનું ૧૫ ટકા જેટલો જ ભાગીદારી પેઢીમાં હિસ્સો રહેલ હોય ત્યારે અન્ય ભાગીદારોનો બાકી રહેતો ૮૫ ટકા હિસ્સો તથા ભાગીદારી પેઢીના ખર્ચ અને તે સંબંધે કરવાની રહેતી વ્યવસ્થાઓને જો વાદીની હાલની આ અરજી મંજૂર કરવામાં આવે તો તમામ કાર્યવાહીઓ સીઝ થઈ જાય અને તેથી આમ થાય તો સગવડતા–અગવડતા પ્રતિવાદીઓને રહે. તેમજ નાણાંમાં ન ચુકવી શકાય તેવું નુકસાન પણ થવાની વકી પ્રતિવાદીઓને રહે. તેમજ જયારે પ્રતિવાદીઓએ અત્રેની કોર્ટમાં આંક–૨૨ થી પુરસીસ રજૂ રાખી વાદીના ફાળે તેમની ટકાવારી મુજબ

અને પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન કરાર મુજબ વર્તવાની તૈયારી બતાવેલ હોય ત્યારે ભાગીદારી પેઢીની રિઝર્વ રાખેલ તમામ મિલકતો યથાવત પરિસ્થિતિમાં રાખવામાં આવે તો હાલના દાવાના આખરી નિર્ણય સુધી આ પરિસ્થિતિએ પ્રતિવાદીઓને સહન કરવાનું ભાગે આવે અને વાદીએ જયારે અગાઉ થયેલ તમામ પ્રોસીડીંગ્સ અનુસંધાને પછીથી તા.૧૭/૦૪/૨૦૨૨ ના રોજ તમામ ભાગીદારોની સહીઓ સાથે કરાર કરાયેલ હોય અને તે મુજબ ભાગીદારી પેઢીની મિલકતોની ફાળવણી પણ થઈ ગયેલ હોય અને સંમતિપત્રક/ઓથોરિટી લેટર આધારિત વેચાણ દસ્તાવેજો પણ વાદી તથા અન્ય ભાગીદારોના નામે થઈ ચૂકયા હોય ત્યારે ફકત ભાગીદારી પેઢીના ખર્ચ અને નુકસાન માટે બાકી રાખેલ રિઝર્વ મિલકતો અન્વયે વાદી જે સ્વરૂપે હાલનો આ દાવો લાવેલ છે અને તે આધારિત હાલની આ અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા વાદી હકકદાર થતા ન હોવાનું માની મુદા નં.૧ થી ૩ નો જવાબ આથી નકારમાં આપવામાં આવે છે. ઉપરોકત મુદાઓના ન્યાયીક નિર્ણય અનુસંધાને પ્રતિવાદી તરફે રજૂ કરાયેલ નામ. સર્વોચ્ચ અદાલતના (૨૦૧૨) ૧૨ સુપ્રીમ કોર્ટ કેસીસ ૧૩૩ માં પ્રસિધ્ધ થયેલ ચુકાદો માનસહ વંચાણે લીધેલ છે અને તેમાં પેરા-૩૯ માં ભારતીય પુરાવા અધિનિયમના એસ્ટોપલના સિધ્ધાંત આધારિત નામ. સુપ્રિમ કોર્ટના કાવેરી કોફી ટ્રેડર્સના ચુકાદો રિફર કરી, જેના પેરા-૩૪ અને ૩૫ વર્ણવવામાં આવેલ હોય જે સદર અરજીના નિકાલ અર્થે લાગુ પડતા હોવાનું માની ઘ્યાને લીધેલ છે. તેમજ નામ. વડી અદાલતના નીચે મુજબનો ચુકાદો પણ હાલની આ અરજીના ન્યાયીક નિકાલ અર્થે ઘ્યાને લીધેલ હોય જે **૨૦૦૧ (૩) જી.એલ.આર. ૨૭૪૦ ગોવીંદભાઈ કેશવલાલ ઠાકર વિ સમસ્ત લોહાણા જ્ઞાતીના ચુકાદામાં નામ.હાઈકોર્ટ દવારા ઠરાવવામાં આવેલ છે કે વચગાળાની દાદ શોર્ટ કટ મેથડ નો ઉપયોગ કરવા મેળવી શકાય નહી તેવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરાયેલ હોય સદરહું ચુકાદાની હેડ-નોટ**

નીચ્ચે મુજબ છે.

(A) Civil Procedure Code, 1908 (V of 1908) - Order 39, Rule 2 - Interim injunction - Interim injunction granted by which the defendant was prevented from entering the suit premises - This will amount to virtually to vacate the premises - Held, under the guise of the interim injunction, the plaintiffs cannot be dispossess the defendant in this manner - This type of short circuit method cannot be resorted to - By asking prohibitory type of injunction they can dispossess the defendant if such type of injunction is granted - The Court of law is required to see that by granting such type of injunction it will result into evicting the other side.

આમ, ઉપરોકત વર્ણવેલ નામ. સર્વોચ્ચ અદાલત તથા નામ. ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદાઓ તથા હાલના કામનું રજૂ થયેલ તમામ રેકર્ડ અને બંને પક્ષે વિ.વ.શ્રીઓ ધ્વારા કરાયેલ દલીલો અંતર્ગત ઉપરોકત કરેલ ચર્ચા મુજબ મુદા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપેલ હોય મુદા નં.૪ અન્વયે નીચે મુજબ હુકમ કરું છુ.

<u>-:: હુ ક મ ::-</u>

(૧) વાદીની હાલની આ અરજી નામંજૂર કરવામાં આવે છે.

(૨) આંક-૧૨ અન્વયે ત્થા ત્યારબાદ કરાયેલ યથાવત પરિસ્થિતી જાળવી રાખવાનો હુકમ હાલની આ અરજી નિર્ણીત થતા સુધી જ યથાવત પરિસ્થિતી જાળવી રાખવા નો હુકમ કરાયેલ હોય જે વેકેટ કરવામાં આવે છે.

(૩) તેમજ, પ્રતિવાદીઓને તેમની બાંહેધરી આધારીત જ તાકીદ કરવામાં આવે છે કે વાદવાળી ભાગીદારી પેઢીની રીઝર્વ રખાયેલ મિલ્કતો ની કોઈ પણ રીતે વ્યવસ્થા કરતા પહેલા વાદીને લેખીતમાં જાણ કરવી.

(૪) સદર અરજીનું ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

આજ તારીખ ૦૯ મી, માહે–ડિસેમ્બર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : કલોલ
તારીખ :૦૯/૧૨/૨૦૨૫

અલીઅસગર હસનઅલી હીરાની
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કલોલ, જી.ગાંધીનગર. (જીજે ૦૧૧૮૪)

KK